ભારતમાં ઔદ્યોગિક કામદારોને બે ભાગમાં વહેંચી શકાય. (૧)આઝાદી પહેલાનાં કામદારો અને (૨)આઝાદી પછીનાં કામદારો, ઈ.સ.૧૮૭૯ માં ભારતમાં કુલ ૫૬ જેટલી સુતરાઉ કાપડની મિલો હતી. ૧૮૮૨ માં ભારતમાં ૨૦ જેટલી શણની મીલો હતી. શણની મીલો મોટે ભાગે બ્રિટીશ માલિકોની હતી. પણ તેની અંદર કામ કરતા કામદારો તમામ ભારતીય હતા. આમ, ઔદ્યોગિક કામદારોનો ઈતિહાસ જોઈએ તો ખૂબ જ લાંબો છે. આ ઉદ્યોગની અંદર કામ કરતા લોકોની સંખ્યા પણ વધવા લાગી છે. ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડાઓ જોઈએ તો વર્ષ ૨૦૦૬–૦૭ કામદારોની સંખ્યા ૧૦૦૧૯૪૭ હતી. એવી જ રીતે વર્ષ ૨૦૦૭–૦૮ માં આ સંખ્યા વધીને ૧૩૧૩૭૪૨ થઈ ગઈ હતી. આ ઉપરાંત વર્ષ ૨૦૦૮–૦૯ માં આ સંખ્યા ૧૩૭૭૬૧૦ કરતા પણ વધારે જોવા મળે છે. (www.Industrialindia.in) આ આંકડાઓ દર્શાવે છે કે ભારતમાં કામદાર વર્ગ એ ખુબ જ મોટા પાયા ઉપર જોવા મળે છે.

ઔદ્યોગિક કામદારોની આર્થિક સ્થિતિ પ્રમાણમાં નબળી જોવા મળે છે. સામાન્ય રીતે ઘરમાં ભૌતિક સુવિધાઓ પણ ઓછી જોવા મળે છે. ઘણા બધા કામદારો પોતાનું વર્તન છોડીને અન્ય જગ્યાએ કામ કરતા હોય એવું પણ જોવા મળે છે. ઔદ્યોગિક કામદારો પોતાનાં વતનથી દૂર રહેતા હોય ત્યારે સામાજિક રીતે પણ પોતાનાં કુટુંબથી દૂર જોવા મળે છે.

ભારત દેશનો આર્થિકવિકાસ વૃદ્ધિ દર પ્રમાણમાં ઝડપથી વધી રહ્યો છે. પરંતુ તેનીસામે રોજગારીની તકો એટલા પ્રમાણમાં વધી નથી. આપણા દેશમાં અર્થતંત્રનાં મુખ્ય બે ક્ષેત્ર છે સંગઠિતક્ષેત્ર અને અસંગઠિતક્ષેત્ર.

સંગઠિત ક્ષેત્રની વિભાવના :–

સંગઠિત ક્ષેત્ર માં સરકારી,અર્ધસરકારી, વહીવટીતંત્રો, કોર્પોરેટ કંપનીઓ, બેન્ક વગેરે એકમોનો સમાવેશ થાય છે. આ ક્ષેત્રમાં ઘણા બધા શ્રમિકો આજીવિકા મેળવી રહ્યાછે. તેઓ સંગઠિત હોવાથી તેમને ઉચા વેતન, સુરક્ષા અને રોજગારીના બીજા લાભો મળે છે.જે અસંગઠિત ક્ષેત્રનાં કર્મચારી મળતા નથી.

બીજી બાજુ દેશનાં આશરે ૩૭ કરોડથી વધારે શ્રમજીવીઓ છુટાછવાયા અને અસંગઠિતક્ષેત્રે રોજગારી મેળવે છે. સામાન્ય રીતે જેમ જેમ આધુનિક વિકાસ વિસ્તરતો જાય તેમ તેમ અસંગઠિત ક્ષેત્ર સંકોચાતુ જાય અને સંગઠિત ક્ષેત્ર વિકસતું જાય છે. પણ આપણે ત્યાં અત્યારે ઉલટી પ્રક્રિયા દેખાઈ રહી છે. છેલ્લા ૨૩ વર્ષમાં (૧૯૮૩ થી ૨૦૦૬) માં દેશમાં કુલ ૧૧ કરોડ કરતા વધારે રોજગારી ઊભી થઈ જે બધી જ તકો અસંગઠિત ક્ષેત્રે સર્જાય છે. આમ, અસંગઠિત ક્ષેત્રનો વ્યાપ વિસ્તર્યો છે.(www.Industrialindia.in)

અસંગઠિત ક્ષેત્રની વિભાવના :–

અસંગઠિત વિભાગનાં પર્યાય રૂપે અનૌપચારિક, અનિયંત્રિત, અસુરક્ષિત,પરંપરાગત, ગૃહ પર આધારિત, જેની નોંધ કે ગણતરી નથી થતી તે વગેરે શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે. અસંગઠિત વિભાગની વિભાવના થોડાક વર્ષો અગાઉ જ રજૂથઈ છે. પરંતુ એ આજે વિશ્વભરમાં ચર્ચાનો મુદ્દો છે.

કેટલાક સમાજશાસ્ત્રીઓએ આપેલ વ્યાખ્યા જોઈએ તો ..

૧. ''અસંગઠિત ક્ષેત્રએ અનૌપચારિક વિભાગ છે કે જેમાં કામની પ્રવૃત્તિઓઅનૌપચારિક થાય છે''

– સ્ટુઅર્ટ ડબલ્યુ. સીન્કેયર

૨. ''અસંગઠિત વિભાગનાં કામદારો એટલે જેઓ કોઈ મર્યાદાઓને લીધે અનેસમાન હેતુઓ માટે સંગઠિત બની શકયા નથી''

– સંજય પી. ઠાકર

૩. ''બધા છૂટક સાહસો અને ગૃહઉદ્યોગો કે જે કાયદા દ્વારાનિયંત્રિત થતા નથીઅને જે વાર્ષિકહિસાબો તૈયાર કરતા નથી તે અસંગઠિત ક્ષેત્ર ગણાય છે''

– કેન્દ્રીય આંકડાશાસ્ત્ર સંસ્થા

ઉપરોકત વ્યાખ્યાઓ તપાસતા જણાય છે કે અસંગઠિત ક્ષેત્રના કામદારોના હક્ક,ફરજો, કામની શરતો, વેતન,નિયમો વગેરે કદી નિર્ધારીત હોતું નથી. અસંગઠિત ક્ષેત્રનાં કામદારો અને માલિક વચ્ચેનાં સંબંધો અનૌપચારિક હોય છે. કામદારોનાં દષ્ટિકોણ મુજબ તેઓમાં સંગઠનનો અભાવ, ઓછા વેતનનું પ્રમાણ, કામ માટેની અયોગ્ય પરિસ્થિતિ, વગેરે ઉદ્‌ભવે છે. **૮રાવલ, ચંદ્રિકાબેન કે. (૧૯૯૩)** અસંગઠિત વિભાગમાં સ્ત્રી કામદારો, પાશ્વ પ્રકાશન, અમદાવાદ.)

અસંગઠિત ક્ષેત્રનાં મજૂરોની પરિસ્થિતિ :–

પ્રવર્તમાન યુગમાં સમગ્ર ભારત દેશ અને ગુજરાત રાજયમાં કુલ શ્રમયોગીઓ પૈકી અસંગઠિત શ્રમયોગીઓની સંખ્યા નોંધપાત્ર છે. આ શ્રમયોગીઓની અસંગઠિત અવસ્થાને કારણે અને તેઓની માલિકો સાથેની સોદાગીરીની શકિત નહીવત હોવાને કારણે આવા અસંગઠિત શ્રમયોગીઓની આર્થિક, સામાજિક સ્થિતિ અત્યંત નબળી હોઈ આ મજૂરોનાં જીવન–ધોરણમાં સુધારો લાવવા માટે

જુદી જુદી આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને આરોગ્યવિષયક કલ્યાણકારી યોજનાઓ અમલમાં છે. પરંતુ, આ મજૂરોમાં જાગૃતિનો અભાવ અને નિરક્ષરતાને લીધે યોજનાઓનો લાભ પૂરતા પ્રમાણમાં મળતો નથી.

National Sample Survey Organization (NSSO) નો તાજેતરનો અહેવાલ આ મજૂરો વિશે કોઈપણ સમજદાર સભ્ય નાગરીકને ચિંતા ઉપજાવે એવો છે. કેન્દ્ર સરકારનાં મજૂર વિભાગદ્વારા અસંગઠિત મજૂરોનાં હિતોનાં રક્ષણ માટે લઘુત્તમ વેતન ધારો, શ્રમિક વળતરધારો, કર્મચારી રાજય વિમાધારો વગેરે ઘડવામાં આવ્યાં. પરંતુ, અમલવારીમાં જોઈએ તેવું પરિણામ મળ વી શકાયું નથી. ઉદાહરણ તરીકે લઘત્તુમ વતેન ધારો ૧૯૪૮માં ઘડવામાં આવેલએ સમયે દેશની વસ્તી ૩૩ કરોડ હતી. આજે ૩૭ કરોડ તો માત્ર અસંગઠિત મજુરોની સંખ્યાછે, અને આ કાયદામાં લઘુત્તમ વેતન નક્કી કરવા માટેનાં જે પરિણામોનો ઉપયોગ કરવામાં આવે છે. તે પણ ચર્ચા માંગી લે છે. ઉદાહરણ તરીકે ખેત મજરુોનું લઘત્તુમ વતેન આજના દિવસે (૨૦૧૪–નવેમ્બર) દૈનિક રૂા. ૧૫૦/– છે. જે મહિને માત્ર રૂા.૪૫૦૦/– ની થાય. આ આવકમાં કોઈ કટુંબ નો એક જ સભ્ય કમાવનાર હોય તે ગુજરાન કઈ રીતે ચલાવી શકે ? ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાંથી શહેરમાં કામ રોજગાર માટે સ્થળાંતર થઈને આવતા મજૂરોનેશહેરમાં વધારે ખરાબ પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. જેમાં ખાસ તો આરોગ્યની સમસ્યા અને રહેઠાણની સમસ્યા તેઓને સતાવે છે.

આમ,જોઈએ તો અસંગઠિતક્ષેત્રનાં મજૂરોને સમસ્યાઓ તો ઘણી છે માટે મજૂરોને એક જગ્યાએ થી બીજી જગ્યાએ સ્થળાંતરીતથવુ પડે છે.કયારેક એકલા તો કયારેક પરીવાર સાથે આમ,સ્થળાંતરીત થયેલા લોકોની રાજય પ્રમાણેની યાદી નીચે મુજબ છે.

સ્થળાંતરીત થયેલા લોકોની રાજય પ્રમાણેની યાદી (પ્રત્યેક ૧૦૦૦ વ્યકિતદીઠ):–

સૌથી વધારે (શહેરમાં)સિકિકમાં સ્થળાંતરીત પુરૂષની સંખ્યા ૫૩૬ અને સ્ત્રીની સંખ્યા૬૨૭ છે.હિમાચલ પ્રદેશમાં પુરૂષની સંખ્યા ૪૫૫ અને સ્ત્રીની સંખ્યા૬૧૮ છે.ઉતરાખંડમાં પુરૂષની સંખ્યા ૩૯૭ અને સ્ત્રીની સંખ્યા ૫૯૪ છે.છતીસગઢમાં પુરૂષની સંખ્યા ૩૩૦ અને સ્ત્રીની સંખ્યા ૫૯૦ છે.દિલ્લીમાં પુરૂષની સંખ્યા ૪૩૧ અને સ્ત્રીની સંખ્યા ૪૨૨ છે.

સૌથી ઓછું (શહેરમાં)મનીપુરમાં સ્થળાંતરીત પુરૂષની સંખ્યા ૧૦ અને સ્ત્રીની સંખ્યા ૨૬ છે.અરૂણાચલ પ્રદેશમાં પુરૂષની સંખ્યા ૩૮ અને સ્ત્રીની સંખ્યા ૨૭ છે. મેઘાલયમાં પુરૂષની સંખ્યા ૪૨ અને સ્ત્રીની સંખ્યા ૪૭ છે. અને ગુજરાતમાં તેનું પ્રમાણ (શહેરમાં) પુરૂષ ૨૭૬ અનેસ્ત્રી૪૬૫ જેટલુ છે.

સૌથી વધારે (ગામડામાં)હિમાચલ પ્રદેશમાં સ્થળાંતરીત પુરૂષની સંખ્યા ૧૫૩ અને સ્ત્રીની સંખ્યા ૫૯૨ છે.ઉતરાખંડમાં પુરૂષની સંખ્યા ૧૫૧ અને સ્ત્રીની સંખ્યા ૫૩૯ છે.દિલ્લીમાં પુરૂષની સંખ્યા ૨૮૨ અને સ્ત્રીની સંખ્યા ૪૦૭ છે.કેરેલામાં પુરૂષની સંખ્યા ૧૯૫ અને સ્ત્રીની સંખ્યા ૪૫૯ છે.પંજાબમાં પુરૂષની સંખ્યા ૭૪ અને સ્ત્રીની સંખ્યા ૫૭૧ છે.

સૌથી ઓછું (ગામડામાં) મનીપુરમાં સ્થળાંતરીત પુરૂષની સંખ્યા૬ અને સ્ત્રીની સંખ્યા ૫ છે.અરૂણાચલ પ્રદેશમાં પુરૂષની સંખ્યા ૧૧ અને સ્ત્રીની સંખ્યા ૫ છે.મેઘાલયમાં પુરૂષની સંખ્યા ૩૮ અને સ્ત્રીની સંખ્યા ૨૯ છે.નાગાલેન્ડમાં પુરૂષની સંખ્યા૬૨ અને સ્ત્રીની સંખ્યા ૯૨ છે.ગુજરાતમાં તેનું પ્રમાણ (ગામડામાં) પુરૂષ ૫૩ અનેસ્ત્રી૫૭૨ જેટલુ છે. **SOURCE : www.migrationindia.in**

અભ્યાસના તારણો :–

(૧) શ્રમધારાની જોગવાઈઓ કરતા વધારાના વેતન વગર વધુ કલાકો શ્રમિકો પાસેથી કામ લેવામાં આવે છે.

(૨) જે–તે એકમમાં કામની નિશ્ચિતતા હોય તેના કરતા કામની અનિશ્ચિતતા વધુ હોય તેવા એકમોમાં શ્રમિકોનું પ્રમાણ ઘણું વધુ જોવા મળે છે.

(૩) કામની નિશ્ચિતતા ન હોય તેવા એકમોમાં માલિકોના આગ્રહને કારણે માસિક વેતન ચુકવાતુ હોય તેનું પ્રમાણે દૈનિક વેતન મેળવનારા શ્રમિકોના પ્રમાણ કરતા ઘણું વધારે જોવા મળે છે.

(૪) લાંબા સમયે એક સ્થળે (એકમમાં) કામ કરતા હોય તેવા શ્રમિકોની સંખ્યા ઘણી ઓછી જોવા મળે છે. જે બતાવે છે કે ક્ષેત્રમાં શ્રમિકોનું સ્થળાંતર વધુ છે.

(૫) આ વર્ગના શ્રમિકોમાં નિયત કામના કલાકો કરતા વધુ કલાકો કામ કરાવવામાં આવતુ હોય છતા ઓવર ટાઇમનો પગાર આપવામાં આવતો ન હોય તેવુ જોવા મળે છે.

(૬) આ ક્ષેત્રમાં કામ કરતા શ્રમિકોમાં પરિવાર સાથ સ્થળાંતર કરવામાં આવતુ હોય તેવુ મોટાભાગે જોવા મળે છે.

સંદર્ભ સ્ત્રોત :–

- રાવલ, ચંદ્રિકાબેન કે. (૧૯૯૩) અસંગઠિત વિભાગમાં સ્ત્રી કામદારો, પાશ્વ પ્રકાશન,અમદાવાદ.
- મણિયાર, બી.જી. (૧૯૯૮) મથૂરોનું અર્થશાસ્ત્રઃ મોર્ડન લો હાઉસ, અમદાવાદ.
- મર્ચન્ટ, આમ્રપાલી (૨૦૦૪) 'ક્રિયાનું સમાજશાસ્ત્ર', યુનિવસિટી ગંથ્ર નિમાર્ણ બોર્ડ,અમદાવાદ.
- દવે, હર્ષિદા(૨૦૦૫) સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ
- Joshi Vidhyut (1987) Migrant Labour and Related Issues, Fordand IBM Publishing Co. Pvt. Ltd.
- Desai kiran (1990) Labour union activity in surat.A sociological study of surat textile workers union in Gujarat . (M.phil Dissertation) South Gujarat University,Surat

* પંચાલ કુન્તલ એમ.

Arts (SOCIOLOGY)
Research Zone India
Vol. 4 Issue - (3)
Apr,May,Jun- 2016 Page -25 - 28
ISSN 2319 - 8168

ઔદ્યોગિક કામદારોની પરિસ્થિતિ નો અભ્યાસ

માનવીની ભૌતિક જરૂરિયાતોએ ઔદ્યોગિકરણને ખુબ પ્રોત્સાહન આપ્યુ છે. ઔદ્યોગિકરણને કારણે વિકાસ જરૂર થયો છે પરંતુ વિકાસની સાથે–સાથે અનેકવિધ સમસ્યાઓ પણ ઉભી કરી છે જેવી કે પર્યાવરણીય સમસ્યા, આરોગ્યની સમસ્યા, આર્થિક સમસ્યા, બેકારીની સમસ્યા, શારીરિક શોષણની સમસ્યા વગેરે..

ભારતમાં બેકારીનું પ્રમાણ વિશાળ ક્ષેત્રમાં જોવા મળે છે. આથી તેઓ અલગ–અલગ પ્રકારની મજુરીકામ કરતા હોય છે. ઉદ્યોગનો સર્વાંગી વિકાસ કરવો હોય તો તેમાં કામ કરતા મજૂર એ પાયો છે. જેમ કે, કોઈ ઈમારત બનાવવી હોય તો શરૂઆતમાં પાયાનું ખુબ મહત્વ છે તેવી જ રીતે ઉદ્યોગમાં મજુર એ પાયાનું અંગ માનવામાં આવ્યુ છે. પરંતુ મજુર માટે યોગ્ય સવલતો જેવી કે હોસ્પિટલ, સ્કુલ, મનોરંજનની સેવાઓ, પોષણયુકત ખોરાક વગેરે મળી રહેવા જોઈએ. પરંતુ વર્તમાન સમયમાં પણ ઉદ્યોગમાં માલિકો મજુરોનું શારીરિક, માનસિક, આર્થિક વગેરે પ્રકારનું શોષણ કરતા હોય છે.વર્તમાન સમયમાં યાંત્રીકરણને કારણે વીજળી અને ડીઝલથી ચાલતા ભારે મશીનોની શોધ થઈ. જેમાં ઉદ્યોગમાં ઉત્પાદન તો વધ્યુ પણ સાથે અનેક નવીન સમસ્યાઓ ઉદ્‌ભવી જેમ કે, મજૂરો પાસેથી વધારે મજૂરીકામ કરાવવાની માલિકની વૃતિ, માનસિક સમસ્યા, સામાજિક સમસ્યા, શૈક્ષણિક સમસ્યા, આરોગ્ય અને વ્યસન વિષયક સમસ્યા વગેરેનું પ્રમાણ વધવા લાગ્યુ છૈ.

પ્રસ્તુત અભ્યાસમાં ભાવનગર ચિત્રા જી.આઈ.ડી.સી.માં કામ કરતા મજુરોની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ''નો અભ્યાસ કરવામાં આવેલ છે.પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે પ્રમાણે છે.

મજૂરીકામ કરતા કુટુંબોની આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો.

મજૂરીકામ કરતા મજૂરોની સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો.

ઔદ્યોગિક મજૂરોનાં વ્યવસાયમાં સરકારની અનેક કાયદાકીય જોગવાઈઓ હોવા છતા પરિસ્થિતિ વિકટ છે.ઔદ્યોગિક ક્ષેત્રે કામ કરતાં મજૂરો પોતે કાચા રહેઠાણોમાં વસવાટ કરે છે જયાં તેમને કોઈ પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ નથી.તેમાં પણ કામના સ્થળે અસલામતી, વેતનની સમસ્યાઓ આ મજૂરો માટે પડયા પર પાટું જેવો ઘાટ ઘડે છે.સંગઠનની ભૂમિકા પણ ઔદ્યોગિક મજૂરોની સ્થિતિ સુધારવામાં મહત્વની છે. પરંતુ અહીં જોઈ શકાય છે કે સંગઠનો અંગે પણ મજૂરોમાં જાણકારીનો અભાવ છે.આમ છતાં સરકાર અને સંસ્થાઓએ અસંગઠિત ક્ષેત્રનાં બાંધકામ મજૂરોની સમસ્યાઓનાં ઉકેલની દિશામાં ઘણાં પ્રયત્નો કર્યા છે. પરંતુ હજુ ઘણું કરવાનું બાકી છે.

ભારત ઔદ્યોગિક દેશ છે. પૂર્વ ઔદ્યોગિક સમાજ અથવા ઔદ્યોગિક વિકાસ પામ્યો એ પહેલાનો સમાજ આ બન્ને સમાજોની ચર્ચા કરી ઉદ્યોગીકરણ એક પ્રક્રિયા છે. ઔદ્યોગિકરણ એટલે યંત્રમાં પરિવર્તન એ એવુ નથી પરંતુ ઔદ્યોગિકરણ ખરેખર તો ઉત્પાદનના કામના કે માનવકામના સ્થાને યંત્રોનો ઉપયોગ કરવામાં આવે છે. તેને ઔદ્યોગિકરણ કહેવાય. ૧૮મી સદીમાં ઔદ્યોગિકરણનો તબકકો ઈગલેન્ડમાં શરૂ થયો. એ પછી બધા દેશોમાં તેની શરૂઆત થઈ. ૧૯મી સદીના અંતમાં વિકાસની ગતિમાં ઝડપી વધારો થયો અને ભારતમાં ઔદ્યોગિકરણની પ્રક્રિયા આમ તો ન કહેવાય. અભ્યાસો કહે છે કે તેમને ક્રાંતિ કહેવાય.

ભારતમાં ઔદ્યોગિક વિકાસ થયો એ પહેલાનો સમાજ અસ્તિત્વમાં હતો. પરંતુ તે પરિવર્તનશીલ ન હતો. સમાજ પરિવર્તનશીલ હોય છે. પરંતુ આપણા ભારત દેશની ગતિ મંદ પ્રકારની છે. તેની પાછળના ઘણા બધા કારણો જવાબદર છે. સામાજિક પરિસ્થિતિઓ અને સામાજીક વ્યવસાયને અભ્યાસુઓ જવાબદાર ગણે છે. વાહન વ્યવહાર અને સંદેશાવ્યવહાર વગર ઉદ્યોગ શકય નથી. ઉદ્યોગીકરણ પહેલાનો સમાજ ખેતી ઉપર આધારિત હતો. ૭૦% લોકો ખેતી ઉપર વનનિર્વાહ ચલાવતા હતા.

ગાર્ગીલના મત મુજબ ૧૯મી સદીના પ્રારંભ સુધી ભારતમાં મુખ્ય ઉદ્યોગ હસ્તઉદ્યોગ હતો. ઉપલા અને સમૃધ્ધ વર્ગમાં તે

*પી.એચ.ડી.વિદ્યાર્થી–હેમચન્દ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિવર્સિટી,પાટણ

પ્રચલિત હતો. ઉચ્ચ વર્ગની વ્યકિતઓ જરૂરિયાતો હસ્ત ઉદ્યોગને મોજશોખ કરવામાં વાપરતા હતા.

માનવીની ભૌતિક જરૂરિયાતોએ ઔદ્યોગિકરણને ખુબ પ્રોત્સાહન આપ્યુ છે. ઔદ્યોગિકરણને કારણે વિકાસ જરૂર થયો છે પરંતુ વિકાસની સાથે–સાથે અનેક વિધસમસ્યાઓ પણ ઉભી કરી છે જેવી કે પર્યાવરણીય સમસ્યા, આરોગ્યની સમસ્યા, આર્થિક સમસ્યા, બેકારીની સમસ્યા, શારીરિક શોષણની સમસ્યા વગેરે..

ભારતમાં બેકારીનું પ્રમાણ વિશાળ ક્ષેત્રમાં જોવા મળ છે. આથી તેઓ અલગ–અલગ પ્રકારની મજુરીકામ કરતા હોય છે. ઉદ્યોગનો સર્વાંગી વિકાસ કરવો હોય તો તેમાં કામ કરતા મજૂર એ પાયો છે. જેમ કે, કોઈ ઈમારત બનાવવી હોય તો શરૂઆતમાં પાયાનું ખુબ મહત્વ છે તેવી જ રીતે ઉદ્યોગમાં મજુર એ પાયાનું અંગ માનવામાં આવ્યુ છે. પરંતુ મજુર માટે યોગ્ય સવલતો જેવી કે હોસ્પિટલ, સ્કુલ, મનોરંજનની સેવાઓ, પોષણયુકત ખોરાક વગેરે મળી રહેવા જોઈએ. પરંતુ વર્તમાન સમયમાં પણ ઉદ્યોગમાં માલિકો મજુરોનું શારીરિક, માનસિક, આર્થિક વગેરે પ્રકારનું શોષણ કરતા હોય છે.

વર્તમાન સમયમાં યાંત્રીકરણને કારણે વીજળી અને ડીઝલથી ચાલતા ભારે મશીનોની શોધ થઈ. જેમાં ઉદ્યોગમાં ઉત્પાદન તો વધ્યુ પણ સાથે અનેક નવીન સમસ્યાઓ ઉદ્‌ભવી જેમ કે, મજૂરો પાસેથી વધારે મજૂરીકામ કરાવવાની માલિકની વૃતિ, માનસિક સમસ્યા, સામાજિક સમસ્યા, શૈક્ષણિક સમસ્યા, આરોગ્ય અને વ્યસન વિષયક સમસ્યા વગેરેનું પ્રમાણ વધવા લાગ્યુ છે.

કામદાર વિકાસ ઈતિહાસ :–

કામદાર સંઘના મૂળ શોધીએ તો પૂર્વ ઔદ્યોગિક કાળ દરમિયાન જોવા મળતી ગીલ્ડ વ્યવસ્થા નામની ઉત્પાદન વ્યવસ્થામાં રહેલા જોવા મળે છે. આ વ્યવસ્થા હેઠળ–વિવિધ કલા / કામગીરી કરતા કામદારો અલગ–અલગ ગીલ્ડમાં (કારીગર મંડળો) સંગઠિત થયેલા હતા. તથા પોતાની ગીલ્ડ દ્વારા નિધારીત ધોરણો પ્રમાણે ઉત્પાદન કાર્ય કરતા હતા. ગીલ્ડ તેના સભ્ય કારીગરોનાં આર્થિક હિતોનું રક્ષણ તથા સંવર્ધન કરતી હતી. ખાસ કરીને વેપારીઓ સામે તેમના અતિક્રમણ સમયે ગીલ્ડ સભ્ય કામદારોનું તેમની કારીગરીનું રક્ષણ કરતી હતી. પરંતુ આધુનિક કામદાર સંઘ એ ઈંગ્લેન્ડમાં થયેલી ઔદ્યોગિક કાંન્તિની ઉપજ છે. કારણ કે આ કાંતિએ વિશાળ પાયા ઉપરના ઉદ્યોગો વિકસાવ્યા જેમાં ખુબ જ મોટી સંખ્યામાં કામદારો એક જ ઉત્પાદન સ્થળ ઉપર ભેગા થઈ સમાન ધ્યેયો માટે રોજ રોજ આંતરક્રિયા કરતા તેમની વચ્ચે સંગઠન રચાયું. જે ૧૬૮૮ સુધી કામદાર સંઘોની રચનાને એક કાવતરા તરીકે ગણવામાં આવ્યું. તથા બ્રિટિશ કાનૂન દ્વારા પ્રતિબંધિત હતી. ખ્રિસ્તી સમાજવાદીઓએ ઉત્પાદકોમાં સહકારી ચળવળ પ્રેરિત કરી અને તેમાં અન્વયે ઉત્પાદકોની સહકારી મંડળીઓ રચાઈ હતી. યુરોપમાં મૂડીવાદી ઢ બે થયેલા ઔદ્યોગિક વિકાસ હેઠળ ઉદ્યોગોના માલિક દ્વારા કામદારોનું જે ભયંકર શોષણ થયું હતું. તેની સામે કામદારોમાં વર્ગ સભાનતા ઉભી કરી ક્રાંતિકારી શ્રમિક ચળવળ દ્વારા તેમને શોષણ માંથી મુકત કરવા માટે કાર્લ માર્કસે આવાહન કર્યું હતું. સમાજવાદી તથા સામ્યવાદી વિચારસરણી દ્વારા દેશોનાં કામદારોમાં સંગઠન રચવામાં આવ્યા. જે આધુનિક કામદાર સંઘોના સ્વરૂપ હાલમાં જોવા મળે છે.

ઉદ્યોગનો અર્થ:–

સામાન્ય અર્થમાં ઉદ્યોગ એટલે જેમા માનવ જરૂરીયાતોની વસ્તુઓનું ઉપાર્જન કરવામાં આવે છે તથા તેમાથી ઉત્પાદિત વસ્તુઓનો માનવી પોતાની આવશ્યકતાઓ સંતોષવામાં ઉપયોગ કરે .દા.ત બિસ્કિટ ,બુટ,ચપ્પલ,ચોકલેટ ,કપડા વગેરે.આમ ઉદ્યોગ મારફતે માનવી પોતાની તમામ આવશ્યકતાઓને સુલભ બનાવી શકે છે.આથી ઉદ્યોગો માનવી સાથે કોઈ ને કોઈ રીતે અભિન્ન રીતે જોડાયેલા જોવા મળે છે.

ઔદ્યોગિકરણનો અર્થ

ચીજ વસ્તુઓના ઉત્પાદનમાં ઉર્જાનાં સજીવ સ્ત્રોતો તરીકે માનવી અને પશુના ઉપયોગથી ચાલતા સાધનોના સ્થાને ઉર્જાના નિર્જિવ સ્ત્રોત જેવા કોલસો,પેટ્રોલ,વરાળ,વીજળી ,અણુ શકિતથી ચાલતા સાધનોનો ઉપયોગ થાય તેને ઔદ્યોગિકરણ કહેવાય.

કામદારનો અર્થ

" આર્થિક વળતરની અપેક્ષાથી જે લોકો ઉત્પાદકીય હેતુ માટેનો પ્રયાસ કરે છે. તેવા લોકોને કામદાર કહી શકાય "

આમ કામ એ સાર્વત્રિક સામાજિક પ્રવૃત્તિ છે. જે આર્થિક મનોવૈજ્ઞાનિક હેતુસર કરવામાં આવતી હોય છે. આર્થિક કામ

અથવા કાર્ય એ કોઈ પણ ઉપયોગનું કેન્દ્રબિંદુ છે.

ઓદ્યોગિક કામદારોની સામાજિક પરિસ્થિતિ (પરિવર્તનનાં સંદર્ભે)

૧) કુંટુંબ વ્યવસ્થામાં આવેલ પરિવર્તન :

સંયુકત કુંટુંબ વ્યવસ્થા તુટવા લાગી અને તેના સ્થાને વિભકત કુંટુંબ વ્યવસ્થા અસ્તિત્વમાં આવી કુંટુંબની ભૂમિકા અને માળ ખું નાનું, સાદુ તથા સંકુચિત બનવા લાગ્યું. સ્ત્રી પુરૂષો ઉપર વડાનું આધીપત્ય નબળું પડે છે. સંતાનો અને માતાપિતાના સંબંધોમાં પરિવર્તન આવે છે.

૨) સામાજિક વલણોમાં ફેરફાર :

ભારત જેવા પરંપરાગત સમાજમાં લોકોમાં માનસ પરિવર્તન થાય છે. તથા તેમના સામાજિક વલણો બદલાય છે. સામાજિક વલણોમાં આધ્યાત્મવાદીના બદલે ભૌતિક વાદી

વલણ વિકસે છે. પરંપરાગત ભાવનાવાદી વલણના બદલે બુધ્ધિવાદી અને તર્કયુકત બન્યા છે.

૩) ધાર્મિક શ્રધ્ધા અંગેનો ખ્યાલ :–

પરંપરાગત ધાર્મિક અંધશ્રધ્ધા તથા ચુસ્ત સાંપ્રદાયિકતાના સ્થાને તેઓમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ તથા બિનસાંપ્રદાયિકતાનો વિકાસ થયો છે. છતાં અલ્પ શિક્ષણના કારણે આજે પણ ઔદ્યોગિક કામદારોમાં અંધશ્રધ્ધાનો નાશ થયો નથી.

૪) ઔદ્યોગિક સામાજિક સ્તરચના :–

ઔદ્યોગિક સમાજની સ્તરરચનાના પાયાના આધારો અને તેની આગવી રચનાને પ્રભાવી કરી તેમાં પરિવર્તન લાવે છે. ભારતીય સમાજના સંદર્ભમાં જોઈએ તો જ્ઞાતિના જન્મગત અર્પિત દરજજાના બદલે આધુનિક વ્યવસાય તથા શિક્ષણને આધારે મળ તા પ્રાપ્ત દરજજાનું મહત્વ વધતા પરંપરાગત કોટી કૂમમાં ખુલ્લાપણું આવે છે.

૫) સ્ત્રીઓનું સ્થાન અને લગ્ન સંસ્થામાં પરીવર્તન :–

ઔદ્યોગિક સમાજે પરંપરાગત સમાજની સ્ત્રીઓને ઔદ્યોગિક એકમો અને તેની સાથે જોડયેલ સેવાઓમાં રોજગારી આપી પુરુષ વર્ગ ઉપરની તેમની આધારીતતા ઓછી કરી છે. તેમની હરવા ફરવાની વાતચીત કરવાની તથા આર્થિક કાર્ય કરવાની સ્વતંત્રતામાં વધારો કરી તેમને સામાજિક સ્થાન અને દરજજામાં સુધારો કર્યો છે. ખાસ કરીને જિવનસાથીની પસંદગી કરવામાં, શિક્ષણ લેવાની બાબતે તથા બીજા અનેક ક્ષેત્રોમાં નિર્ણય લેવાનું વધારે સરળ તથા સલામત બનાવ્યું છે.

૬) શૈક્ષણિક પરિસ્થિતિ :–

શિક્ષણ એ પરિવર્તન લાવવા માટેનું એક મહત્વનું પરિબળ છે. ઔદ્યોગિક માનવ સમાજમાં શહેરોમાશિક્ષણનું પ્રમાણ વધ્યું છે. તેની સરખામણીમાં ગ્રામીણ શિક્ષણમાં ખાસ વધારો થયો નથી. જેમાં ખાસ કરીને ઉદ્યોગમાં કામ કરતો કામદાર વર્ગ જેઓ શિક્ષણ ખુબ જ ઓછા પ્રમાણમાં મેળ વતો થયો છે.

૭) સામાજિક સંબંધો :–

ઔદ્યોગિક સમાજમાં ઉદ્‌ભવ અને વિકાસની સાથે ઔદ્યોગિક સંબંધોનો વિકાસ થયો છે. કૌટુંબિક સંબંધોમાં નિકટતા ઘટી છે. જયારે ઔદ્યોગિક સંબંધોમાં કામદારો વચ્ચે સંબંધો વધારે ગાઢ બન્યા છે અને માલિકો સાથેના થોડા સંઘર્ષભર્યા બન્યા છે.

૮) જ્ઞાતિના વ્યવસાયમાં થયેલ પરિવર્તન :–

ઔદ્યોગિક સમાજને લીધે જ્ઞાતીના બંધનો વ્યવસાય ઉપર ઢીલા પડયા છે. ઔદ્યોગિક ક્ષેત્ર એ એક ખુલ્લુ ક્ષેત્ર છે. જેમાં કોઈપણ જ્ઞાતીનો વ્યકિત જોડાઈ શકે છે. વ્યકિત પોતાની જ્ઞાતિનો પરંપરાગત વ્યવસાય છોડી, આધુનિક નોકરીઓ તથા ઔદ્યોગિક વ્યવયાયો અપનાવે છે.

૯) રહેઠાણ વ્યવસ્થા :–

ઉદ્યોગોનો વિકાસ શહેરોમાં થયો છે. આથી વ્યકિતને પોતાના કુટુંબનાા રહેઠાણથી દૂર શહેરમાં રહેવા માટે જવું પડે છે. પરિણામે શહેરોમાં ઔદ્યોગિક વસાહતો અસ્તિત્વમાં આવે છે. જેમાં આ ઔદ્યોગિક વસાહતોમા સગવડતાઓનાં અભાવે ગંદા વસવાટથી અસ્વચ્છતા પેદા થાય છે. જેના પરિણામે કામદારોના આરોગ્યનું સ્તરકથળતું રહે છે.

આ ઔદ્યોગિક કામદારો અને માનવ સમાજનો વિકાસ સતત વેગ પકડતો જાય છે. હસ્ત ઉદ્યોગના અંત સાથે ઔદ્યોગિક વિકાસ સતત થતો રહયો જેમાં એક નવો જ ઔદ્યોગિક માનવ સમાજ વિકાસ પામ્યો છે. જેના પરિણામે કામદારોના આરોગ્યનું સ્તર કથળતું રહે છે.

ઔદ્યોગિક કામદારો અને આર્થિક વ્યવસ્થા :–

ઔદ્યોગિક ક્રાંતિના પરિણામે સમગ્ર આર્થિક વ્યવસ્થાનાં પરિવર્તન આવ્યું છે. પહેલાના ઉદ્યોગો ઘર ગામ કે શહેર પુરતા મર્યાદિત હતા. પરંતુ હવે ઔદ્યોગિક વ્યવસાયનું ક્ષેત્રની વાત કરીએ તો દેશનું આર્થિક સ્તર ઉદ્યોગોના કારણે મજબુત બન્યું છે. ઉદ્યોગોના પરિણામે અન્ય નાના–મોટા વ્યવસાયો લોકોને મળી રહે છે. નવી–નવી નોકરીની તકોમાં બિનજરૂરી લોકો ઉદ્યોગ તરફ આકર્ષાયા છે. આ સંદર્ભે ઔદ્યોગિક ક્ષેત્રમા જોડાયેલો કામદાર વગની આર્થિક સ્થિતિ કેવી રહી છે. તેમજ તેમાં કેવા કેવા પરિવર્તનો આવેલા જોવા મળે છે. જે નીચેના કેટલાક મુદ્રાઓ દ્વારા સ્પસ્ટ થાય છે.

૧)વ્યાવસાયિક પરિવર્તન ૨)શ્રમવિભાજનનો વિકાસ ૩)આર્થિક સંબંધોમાં ફેરફાર ૪)ઉચ્ચ સ્તરીય વન ધોરણોનો વિકાસ ૫)કામદાર વર્ગનું શોષણ અને દુરદેશીપણું ૬) પરંપરાગત વ્યવસાયમાં પરિવર્તન૭)ઉદ્યોગોના પરિણામે આવકના અન્ય સ્ત્રોતોનો વિકાસ આમ ઔદ્યોગિકરણના પરિણામે કામદારો વર્તમાન પરિસ્થિતિમાં કેવા કેવા પરિવર્તનો જોઈ શકાય છે. તેમજ પરંપરાગત વ્યવસાયનું આર્થિક વ્યવસાયમાં કઈ રીતે રૂપાંતર થયું છે. અને આર્થિક વ્યવસ્થાનું માળખું બદલાયું છે. જે ઉપરોકત ચર્ચાને આધારે જોવા મળે છે.

ઉપસંહાર :–

ઔદ્યોગિક મજૂરોનાં વ્યવસાયમાં સરકારની અનેક કાયદાકીય જોગવાઈઓ હોવા છતા પરિસ્થિતિ વિકટ છે.ઔદ્યોગિક ક્ષેત્રે કામ કરતા મજૂરો પોતે કાચા રહેઠાણોમાં વસવાટ કરે છે.જયા તેમને કોઈ પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ નથી.તેમાં પણ કામના સ્થળે અસલામતી ,વેતન ની સમસ્યાઓ આ મજૂરો માટે પડયા પર પાટુ જેવો ઘાટ ઘડે છે. સંગઠનની

ભૂમિકા પણ ઔદ્યોગિક મજૂરોની સ્થિતિ સુધારવામાં મહત્વની છે.પરંતુ અહીં જોઈ શકાય છે કે સંગઠનો અંગે પણ મજૂરોમાં જાણકારીનો અભાવ છે. આમ છતા સરકાર અને સંસ્થાઓએ અસંગઠિત ક્ષેત્રનાં મજૂરોની સમસ્યાઓનાં ઉકેલની દિશામાં ઘણા પ્રયત્નો કર્યા છે.પરંતુ હજુ ઘણુ કરવાનું બાકી છે.અહી કામદારોમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ નહીવત છે. ૬.૭% કામદારોમાં પ્રાથમિક શિક્ષણ જોવા મળે છે. અહી કામદારો ઉદ્યોગની આજુબાજુમાં કાચા મકાનોમાં વસવાટ કરે છે.આજુબાજુમાં કચરાના ઢગલાઓ જોવા મળે છે.જેના પરિણામે રોગોનું પ્રમાણ વધે છે.આ વ્યવસાયમાં કામ કરવાથી કામદારોની પ્રાથમિક જરૂરીયાતો સંતોષાઈ શકે છે.પરંતુ ગુણવત્તાવાળુ જીવન આ લોકો જીવી શકતા નથી કામદારોએ આર્થિક મજબુરીના કારણે કારખાના સુધી ચાલીને જવુ પડે છે.અને આ કામદારો સંયુકત કુટુંબમાં વસવાટ કરે છે.તેમજ કુટુંબની જવાબદારી પોતાના પર હોય છે.આ લોકોમાં અંધશ્રધ્ધાનું પ્રમાણ વધારે જોવા મળે છે.સામાજિક તેમજ ધાર્મિક પ્રસંગોના કારણે કારખાનાંમાં ગેર હાજરી પણ જોવા મળે છે.તેમજ માલિકો દ્વારા કામદારોનું શોષણ પણ થાય છે.આ દિવસે ને દિવસે કામદારોની પરિસ્થિતિ કથળતી જાય છે.

સંદર્ભસુચી

- ત્રિવેદી, જય પ્રકાશ એમ(૨૦૦૧) ઔદ્યોગિક સમાજશાસ્ત્ર,યુનિવર્સિટી ગ્રથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજય,અમદાવાદ
- ઉચાટ,ડી.એ (૨૦૦૯) શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર,પારસ પ્રકાશન, રાજકોટ.
- ગીરી,વી.વી.(૧૯૬૮)ભારતીય કામદાર સમસ્યાઓ,આસીદ પ્રકાશન ઘર, મુંબઈ શાહ,જે.કે..(૨૦૦૫) ઔદ્યોગિક સમાજશાસ્ત્ર,અનડા પ્રકાશન,અમદાવાદ.

* ચૌધરી જીતેન્દ્રકુમાર બી.

Arts (SOCIOLOGY)
Research Zone India
Vol. 4 Issue - (3)
Apr,May,Jun- 2016 Page -29-31
ISSN 2319 - 8168

"ભાવનગર શહેરમાં અસંગઠીત કામદારો તરીકે મહિલાકૂલી"

હિંદમાં જયારે સરકાર તેમજ ધનાઢય વર્ગ નફા–નુકશાનની ગણતરી કરી રહયા હતા. ત્યારે કાઠિયાવાડના ભાવનગરમાં રેલ્વે બંધાવાની શરૂઆત થઈ હતી. આમ છતાં રેલ્વે બાંધકામમાં આ ધનાઢય વર્ગો મૂડી રોકવા તૈયાર ન હતા ત્યારે ભાવનગર રાજયમાં રેલ્વે બાંધકામની શરૂઆત માટે દિવાદાંડી બન્યા, તે હતા, ભાવનગર રાજયના તખ્તસિંહ અને તેના દિવાન ગગા ઓઝા. આ બે મહાદાતાઓએ રાજયમાં નવપરિવર્તન લાવવા આ આર્થિક જવાબદારી સ્વિકારી અને રેલ્વે બંધાવવાની સંપૂર્ણ તૈયારીઓ પોતાના શિરે લીધી. તેમની આ તૈયારીઓ આગળ જતાં દિર્ઘદ્રષ્ટિ સાબીત થઈ.

ઈ.સ.૧૮૭૮ના માર્ચ મહિનામાં રેલ્વે બાંધકામ શરૂ થયું. અને આ રીતે રેલ્વે બાંધકામની શરૂઆત સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ ભાવનગર રાજયએ કરી.

ભાવનગર રેલ્વે સ્ટેશનની સ્થાપના થયે ૧૨૭ વર્ષ પૂર્ણ થવા આવ્યા. આ વર્ષો દરમિયાન ભાવનગર રાજય સરકાર હસ્તક પણ બની ગયું. આ લાંબા સમયાંતરે કેટલાક કર્મચારીઓ આ ભાવનગર રેલ્વે સ્ટેશન પર કામગીરી બજાવતા હતા. જેમાં તેઓ પોતાના કાર્યસ્થાનની અસ્થિરતાને કારણે વર્ષો વર્ષ રહી શકયા નહી. અને જેઓનું કાર્યસ્થાન સ્થિત્યાત્મક રહી ગયું. તે હતા, અસંગઠિત કુલી કામદારો જે આ સંશોધનના મુખ્ય કેન્દ્ર બિદું છે. મહિલા કુલી કામદારોની મુખ્ય વિશેષતા એ રહી છે કે, તેઓ આ માલ–સામાન ઉપાડવાનું આર્થિક વળતરવાળું કાર્ય પેઢી દર પેઢી એટલે કે, વંશાનુગત કરે છે. આ ઉપરાંત મહિલા કુલીઓ પોતાનું વારસાગત કાર્ય દિકરીઓ કરતાં વહુઓને સોંપવાનું પસંદ કરતી હતી. જે અગાઉના સંશોધનમાં નોંધાયું છે. જયારે અત્યારની વર્તમાન મહિલા કુલીઓ આ કાર્ય વહુને સોંપવા કરતાં બેકાર દિકરાઓને આ કાર્ય સોંપવાનું વધુ પસંદ કર્યુ છે.

• yMktdkrXík fo÷e fk{ËkhkuLkeMk{swíke :

''રેલ્વે સ્ટેશન પર રેલ્વે મુસાફરોના માલ–સામાન જયારે તેમના દર્શાવ્યા અનુસાર કોઈ નિશ્ચિત સ્થાને પહોંચાડતા હોય તે વ્યકિતઓને કૂલી કામદાર તરીકે ઓળખવામાં આવે છે. જેને સીધું મુસાફરો દ્વારા આપવામાં આવતું હોય છે.''

• yMktdkrXík {m÷k fo÷e fk{ËkÞ - rðxkÞÃkMktËdke :

ભારતના અન્ય રાજયો કરતાં ઘણા સૂઝ અને સમજ દ્વારા બનેલી એક સંસ્કારી નગરી 'ભાવનગર' જેમાં રાજવીઓ અને રાજવીઓના દિવાનોએ પોતાની દિર્ઘદ્રષ્ટિઓ સેવી હતી. આ નગરીમાં એક એવો દુઃખદ પ્રસંગ બન્યો. જયારે લોકો ભૂખમરાનો ભોગ બન્યા, આ સમય હતો ઈ.સ.૧૮૭૮ દરમિયાન સૌરાષ્ટ્રના અન્ય દુષ્કાળ રહીત રાજયોને મદદ કરવા વહેલી તકે રેલ્વેનું બાંધકામ જરૂરી બન્યું અને ત્યારના રાજવીએ કામદારોને ઝડપી કાર્ય કરવાની પ્રેરણા આપી, દુષ્કાળનો સમય જતાં કામદારોની સંખ્યામાં ઘટાડો કરવામાં આવ્યો. આ કાર્ય પૂર્ણ થયા બાદ જરૂરીયાત સ્ત્રી–પુરૂષો જે બાંધકામોમાં પખાલ દ્વારા પાણી ભરી ગુજરાન ચલાવતા તેઓને આ કાર્ય સોંપાયું. આ લોકો રેલ્વેના મુસાફરોના માલસામાન ઉંચકી નિશ્ચિત જગ્યાએ ખસેડવાનું કાર્ય કરતા પરંતુ વળતર પૂરતું ના મળ તા ધીમે–ધીમે સમય જતાં પુરૂષોની સંખ્યા ઘટવા લાગી. રહી માત્ર મહિલાઓ. આ પખાલ ઉંચકનારી મહીલાઓ હતી ''ભોઈ'' જ્ઞાતિની. જેમની કામગીરી પેઢી દર પેઢી રહી. તેમના આ કાર્યને રાજવીઓ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવ્યું.

સ્વાતંત્ર્યતા બાદ રેલ્વેનું રાષ્ટ્રીયકરણ ૫ મી જાન્યુઆરી. ૧૯૫૧માં થયું. ત્યાર બાદથી જ રેલ્વે અસંગઠિત મહિલા કૂલી કામદાર તરીકે તેમની કામગીરી જળવાઈ. ભાવનગર શહેર સિવાય ગુજરાતના અન્ય કોઈપણ રેલ્વે સ્ટેશનો પર મહિલા કૂલી કામદારો જોવા મળતા નથી. આ કાર્ય રાજવીરો તરફથી ભોઈ (રાજપૂત) જ્ઞાતિની મહિલાઓને મળેલી અનમોલ દેણગી બની, જે વર્તમાન સમયમાં આર્થિક સ્વરૂપે અભિષાપ બની ચૂકી છે. આ કાર્યને મહિલા કૂલીઓ માત્ર મજબુરીનું નામ આપે છે.

• yMktdkrXík {m÷k fo÷e fk{ËkhkuLkku yÇkMk fhðkLkku {wÏnu÷kw:

- ❖ અસંગઠિત મહિલા કૂલી કામદારોમાં મહિલાઓનું ઘટતું જતું પ્રમાણ.
- ❖ અસંગઠિત મહિલા કૂલી કામદારો પોતાના ભાવિ

* એમ.એ., બી.એડ, એમ ફીલ.

પેઢીના આ કાર્યમાં વહુઓની સરખામણીમાં બેકાર દિકરાઓને જોડવા ઈચ્છે છે.

- ❖ એક બાજુ મહિલા કુલીઓને રાજવીઓ તરફથી મળેલા કુલી માટેના બેઝનો ગર્વિષ્ટ અનુભવ તો બીજી બાજુ અસંતોષકારક આર્થિક વળતર મળતા અનહદ અફસોસ.
- ❖ આ કાર્યમાં ઘટતી જતી અવકાશી રોજી.
- ❖ વૃધ્ધા મહિલા કૂલી કામદારોને મળતી અવકાશી રોજી અને તેની સરખામણીમાં યુવા મહિલા કૂલીઓની અવકાશી રોજીનું પ્રમાણ વધુ કે ઓછું ?
- ❖ મહિલા કૂલીઓનું અન્ય કામગિરી તરફનું વધતું જતું પ્રમાણ.

• yMktdkrXík {m:k fw:e fk{Ekhku Lke Mkk{krsf - ykŠÚkf ÃkkÕf¾qr{fk : (Mkk{kSf ÃkrhÂMÚkík e)

મહિલાકૂલી કામદારોની એક બાબત ઘણી નોંધનીય છે અને તે છે, તેમની જ્ઞાતી. દરેક મહિલાકૂલી કામદારો ભોળ(રાજપૂત) જ્ઞાતિની છે. ભોઈ જ્ઞાતિ વિષગક તેમજ માનવા અનુસાર તેમના પૂર્વજો અયોધ્યાથી ભાવનગર આવ્યા હતા, અને તેઓ પખાલ દ્વારા બાંધકામના સ્થળે પાણી પહોંચાડવાનું કામ કરતા, રેલ્વેનું કામ પૂર્ણ થતાં તેમને આ કામગિરી તે સમયના રાજવી દ્વારા સોપાયી.

સમગ્ર રાષ્ટ્રોમાં જોઈએ તો, ઘણા કાર્યોમાં લૈગિક તફાવતો જોવા મળે છે, પરંતુ ભાવનગર શહેરના કૂલી કામદારોમાં કામ અથે લૈગિક તફાવતો નહીવત તફાવતો જોવા મળે છે. આ રેલ્વે સ્ટેશન પર મહિલા કૂલી વર્ષોથી કાર્યરત છે. પરંતુ અહીં છેડતી કે અન્ય દ્વારા દ્વિઅર્થી વાકય પ્રયોગ અથવા અવ્યવહારીક બનાવ આ મહિલાકૂલીઓ સાથે કયારેય બન્યો નથી, તદઉપરાંત અહીં ૬૦ વર્ષથી વધુ વય ધરાવતી મહિલાઓ માલ–સામાન ઉંચકવાનું કામ કરે છે. જેમનું પ્રમાણ ૧૮% છે તેમજ ૪૬ થી વધુ વય ધરાવતી મહિલાકૂલીઓની અવકાશીરોજીનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે, જેમાં વૃધ્ધા મહિલા પોતાનું આ કાર્ય આમરણાંત કરવા ઈચ્છે છે. તેના ઘણા કારણો તેમણે જણાવ્યા. તે એ છે કે, તેઓને રોજી રળી આપનાર અન્ય કોઈ નથી, તેમજ ૯% સ્ત્રીઓને પેન્સન મળતું નથી જયારે અન્ય વૃધ્ધા મહિલાઓ રૂઢિવાદી અને જિદી સ્વભાવની વધુ જોવા મળી છે. અને આથી તેઓમાં વ્યસનોનું પ્રમાણ જોવા મળ્યું છે. વ્યસનો જેવા કે ગુટખા, તમાકુ વગેરે.

આમ, સામાજીક પરિસ્થિતિ તપાસતા નોંધી શકાય કે, અસંગઠિત મહિલા કૂલીઓની સામાજિક પરિસ્થિતિ મહદઅંશે સારી રહી છે.

• (ykŠÚkf ÃkrhÂMÚkr ík)

અસંગઠિત મહિલા કામદારોનું સંશોધન અભ્યાસ પહેલું ધ્યાન તેમનું આર્થિક પરિસ્થિતિઓ તરફ દોરે છે. કારણ કે ભાવનગર રેલ્વે સ્ટેશન પર માંડ અવકાશી રોજી રળી આપતી બે ટ્રેનો(બાન્દ્રા) જે લાંબા રૂટની છે. આ ટ્રેન દિવસ દરમિયાન એકવાર અને રાત્રિ દરમિયાન બીજીવાર ભાવનગર રેલ્વે સ્ટેશનથી ઉપડે છે. તેમાં માત્ર ગણ્યા ગાંઠયા ૬ થી ૭ મુસાફરો જોવા મળે છે. જેનો માલસામાન ખસેડવાનો હોય છે અથવા ટ્રેનમાં તેમના માટે જગ્યાઓ રોકવાની હોય છે. તેનું થોડું વળતર કૂલીઓ મુસાફરો પાસેથી લેતા હોય છે. ઘણીવાર મુસાફરોને કૂલીઓ દ્વારા લેવાતા ૧૦/– થી ૧૫/– રૂપિયાનો ભાવ વધારે લાગે તો માલ મુસાફરો જાતે જ ઉંચકી જતા હોય છે. વૃધ્ધા સ્ત્રીઓ જે દરેક વિધવા છે પરંતુ ઘરની જવાબદારીઓને કારણે આર્થિક રીતે ઘણી મજબુરીઓ ભોગવતી રહી છે. અમ, જોઈએ તો આર્થિક વળતર મેળવવાથી લઈને ઘરની બધી જ જવાબદારી આ વૃધ્ધમ સ્ત્રીઓ કરતી હોય છે. અને આથી આ કાર્ય તેમના માટે અસંતોષકારક બની ચુકયું છે. ઘણીવાર ઘરખર્ચ માટે પૈસા ઉછીના લઈને ગુજરાન ચલાવવામાં આવે છે. અન્ય કામગિરી કરતી મહિલાકૂલીઓ વણિકોના ઘરો કે દુકાનોમાં કચરા–પોતા કરવા અથવા પાણી ભરવાનું કાર્ય કરીને ઘરખર્ચ ચલાવતી હોય છે. આમ, વર્તમાન સમયમાં આ મહિલા કામદારોની આર્થિક સ્થિતિ દયનીય રહી છે.

• rpûkýyLku ykhkuzpLke Mk{MPk :

અગાઉના સંશોધનો દ્વારા જોવા મળ્યું કે, મહિલાકૂલીઓમાં શિક્ષણનું પ્રમાણ નહીવત છે. પરંતુ આ સંશોધન દરમિયાન જાણવા મળ્યું કે, ૩૬% મહિલા કૂલી કામદારો શિક્ષિત છે. જેમનું શિક્ષણ ૧ થી ૧૦ ધોરણ સુધીનું રહયું છે. આ શિક્ષિત મહિલા કૂલીઓ છેલ્લા ચાર વર્ષથી આ કાર્યમાં જોડાયા છે. ૯% મહિલા કૂલીઓ એ અન્ય ભોઈ મહિલા કૂલીઓ એ અન્ય ભોઈ મહિલાકૂલીઓ પાસેથી બેઝ ખરીદયા બાદ આ કામગિરી કરે છે, પરંતુ આવી મહિલા કૂલીઓની નોંધણી રેલ્વે દ્વારા કરવામાં આવતી નથી.

આરોગ્ય વિષયક બાબતોને ધ્યાનમાં લેતા જણાશે કે, ૫૫% મહિલાકૂલીઓ શારીરીક તકલીફોથી અને ૩૬% મહિલાકૂલીઓ માનસિક તકલિફોથી પિડાય છે. શારીરીક તકલીફોમાં ખાસ કરીને કમરનો દુઃખાવો, હાથ–પગની તકલીફ વધુ જોવા મળી છે, જયારે બાકીની મહિલાઓ ઘરવિષયક ચિંતાઓથી વધુ પિડાય છે.

• {m:kfo+eykuíkuLkshÕÕurõ×kPfMkk{kLPçkkçkíkku :

મહિલા કૂલી વિષયક અગાઉના સંશોધનોમાં જોવા મળ્યું હતું કે, મહિલા કૂલીઓની ભરતી વિષયક બાબતોમાં રેલ્વે પૂરતું ધ્યાન આપે છે. જેમ કે વયબિમારી કે મૃત્યુના કારણે નવી ભરતી, તેમજ વારસદારના કામ માટે પસંદગી કરવા સાસુથી વહુઓને સ્થાન આપવું.

પરંતુ વર્તમાન સ્થિતિ કઈ અલગ સ્વરૂપે બહાર આવી, અસંગઠિત મહિલાકૂલીના સંશોધન દરમિયાન બહાર આવ્યું કે, રેલ્વે વય મર્યાદા ધ્યાનમાં લેતું નથી. જો, આ બાબત રેલ્વે ધ્યાન દેતું હોત તો, ૬૦ થી વધુ વયની વૃધ્ધા મહિલાઓ કૂલી તરીકે કાર્ય કરતી

ના હોત. રેલ્વે એક બાબતની ચોકકસ સ્પષ્ટતા કરે છે કે મહિલાકૂલીઓ રેલ્વે મજુર નથી અને અહીં કોઈ વયમર્યાદા નથી. તેમજ વારસાગત બાબતે જોઈએ તો, આ કાર્ય માત્ર વહુઓ જ કરી શકે તેમ નથી, પણ બહેનો, દિકરીઓ પણ આ કાર્ય ઉપાડી શકે છે. પણ સંશોધન દરમિયાન બહાર આવ્યું કે, મહિલાકૂલીઓ પોતાનું આ વારસાગત કાર્ય વહુઓ કરતા બેકાર દિકરાઓને આપવા ઈચ્છે છે. એટલે ટૂંકમાં કહી શકીએ કે, અગાઉના દાયકાઓમાં પુરૂષ કૂલી કામદારોની સંખ્યામાં વધારો નોંધાશે.

• hUõu íkt°k íkhVúke {m÷kfo÷eykuLku {ríkeMkh :

- ❖ રેલ્વે તંત્ર વષે મહિલાકૂલી કામદારોને એક ગણવેશ આપે છે, પરંતુ આ ગણવેશ કૂલી કામદારોને દૈનિક કાર્યમાં વધુ ટકી શકતા નથી. આથી ઘણીવાર કામદારો કામચલાઉ ગણવેશ બજારમાંથી ખરીદે છે.
- ❖ રેલ્વે તંત્ર શારીરીક શ્રમના રાહત માટે કામદારોને ટ્રોલી આપે છે. આ ટ્રોલીઓ માટે કામદારોએ વાર્ષિક રૂ.૭૦/– ભરવાના હોય છે.
- ❖ રેલ્વે તંત્ર દ્વારા કૂલીઓને સામાન્ય દવાઓ (તાવ, શરીર દુ:ખવા...વગેરે) આપવામાં આવે છે.
- ❖ યુવા મહિલાઓ કરતાં વૃધ્ધા મહિલા કુલીઓ દિવસ અને રાત્રિ દરમ્યાન આ કાર્ય કરે છે. આ ઉપરાંત અન્ય કોઈ કામગીરી ન કરતી હોવાથી યુવા મહિલા કુલીઓ કરતા વૃધ્ધા મહિલા કુલીઓની આવક થોડી વધુ જોવા મળે છે.
- ❖ ૫૫ થી વધુ વય ધરાવતી મહિલા કુલીઓ હઠીલા અને જિદી સ્વભાવની હોવાથી વધુ ઉમર થવા બાદ પણ આ કાર્ય કોઈને આપવા ઈચ્છતી નથી.
- ❖ કુટુંબમાં અન્ય સભ્ય આવકનું સાધન ન બનતા હોય, તે કુટુંબની મહિલા કામદારો ચિંતિત અને વ્યસની જોવા મળી છે.
- ❖ વધતી જતી મોંઘવારી સાથોસાથ જરૂરીયાતો પણ વધી અને આથી અવકાશી રોજીનો અસંતોષ વધ્યે માટે કામદારોની સંખ્યા ઘટી.
- ❖ ભાવનગર શહેરની અંદર વાહનોની સગવડતાઓ વધી છે અને આથી કોઈ પણ સ્થળે જતા મુસાફરોને વાહનની વધુ રાહ જોવી પડતી નથી, અને આથી રેલ્વેના મુસાફરોની સંખ્યામાં સતત ઘટાડો નોંધાતો રહયો છે.
- ❖ મહિલા કુલી કામદારોમાં ૩૬% સ્ત્રીઓ શિક્ષિત છે.
- ❖ ૯% મહિલા કામદારોએ મૃતક મહિલા કામદારોનો બેઝ ખરીદયા છે, જેમની રેલ્વેમાં નોંધણી થઈ નથી.
- ❖ કુલી કાર્યમાં જોડાયા બાદ ૩૬% મહિલા કામદારોની શારીરીક પિડાઓમાં વધારો નોંધાયો છે.
- ❖ ૯૦% કુલી કામદારો પોતાનું વારસાગત કાર્ય દીકરીને સોંપવા કરતાં વહુ અથવા દિકરાને સોપવાનું વધુ પસંદ કરે છે.
- ❖ ૧૮% મહિલા કામદારો પોતાના બાળકોને પૂરતું શિક્ષણ આપવા ઈચ્છે છે અને તેમને આ કાર્યમાં જોડાવા દેવા ઈચ્છતા નથી, જયારે બાકીની મહિલા કુલી કાદમરોના સંતાનો મોટા છે અને મજુરી કરે છે.
- ❖ મહિલા કુલીના કાર્યમાં ઝઘડાનું પ્રમાણ વધુ છે.
- ❖ મહિલા કુલીઓના એકહથ્થા મત અનુસાર....

''આ કાર્ય કરવા જેવું નથી''

''આ કાર્ય નિર્ધનોની મજબુરી છે''

''આ કાર્ય સ્ત્રીઓએ કરવા જેવું નથી''

• wÃkMkt¤kh :

ઉપરોકત ચર્ચાન્તે એક બાબત વધુ નોંધનીય બની ચૂકી છે કે મહિલા કુલીઓ માત્ર ભાવનગર શહેરમાં જ છે એવી ગર્વિષ્ટ ભાવના અનુભવવાને બદલે મહિલા કુલી કામદારો આ કાર્યને માત્ર મજબુરીનું નામ આપે છે. આ કુલી કામદારો રેલ્વે મજુર નથી પરંતુ એક સ્વતંત્ર કામદાર છે. આ ઉપરાંત ઘરની આર્થિક વળ તરની જવાબદારીઓની ચિંતાએ તેમને વ્યસની બનાવી દીધા છે.

અસંગઠીત મહિલા કુલી કામદારોનો સંશોધન અભ્યાસ, એ કુલીઓનો આર્થિક પરિસ્થિતીઓ સાથે વધુ સંબંધિત છે. અને આથી આર્થિક પરિસ્થિતિ નોંધતા જણાયું કે તેમની આર્થિક પરિસ્થિતિ દયનીય છે. તેમજ તેઓ વધુ દેવાદાર બન્યા છે. તેઓ આર્થિક બાબતો પર વધુ ધ્યાન દેતા સંતાનો તરફ વધુ ધ્યાન દઈ શકતા નથી અને આથી તેમના સંતાનો વ્યસની બન્યા છે. તેમજ તેમના સંતાનોમાં બાળમજુરીનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે. આમ,મહિલા કુલીના સંશોધન અભ્યાસ દરમિયાન દરેક મહિલા કુલી કામદારોએ પોતાના કુલી અંગેના કાર્ય વિશે જણાવતા કહયું કે, '' આ કાર્ય કરવા જેવું નથી તેમજ અન્ય કામગીરી ન મળ વાથી કરવું પડે છે એટલે આ કાર્ય અમારી મજબુરી છે.''

• MktË/oMkq[:

૧. શાહ અને દવે, સ્ત્રીઓ અને સમાજ, અનાડા બુક ડીપો, અમદાવાદ.

૨. શાહ તૃપ્તિ, સ્ત્રી અને હિંસા, સહીયર, વડોદરા.

૩. દેસાઈ નીરાબેન, સ્ત્રી અભ્યાસ શ્રેણી, અમદાવાદ.

૪. હિરવે ઈન્દીરા, ગુજરાત માનવ વિકાસ અહેવાલ, મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન

૫. વિવિધ વર્તમાનપત્રોમાં પ્રગટ થતા સ્ત્રી પર આચરવામાં આવતી હિંસા વિષયક લેખો.

*PATEL KAVITAKUMARI B.

Arts (economics)
Research Zone India
Vol. 4 Issue - (3)
Apr,May,Jun- 2016 Page -32-33
ISSN 2319 - 8168

MICRO FINANCE INSTITUTONS AND SELF HELP GROUP

SHGs groups are very well known in India where they were initiated by NGOs in mid-1980 and are used for financial intermediation both by commercial Banks and by MFIs. Accordingly, NABARD formulated a scheme called capital support to MFIs to enable them to leverage commercial and other funds from banks. This is expected to help MFIs in providing financial services at an affordable cost to the poor.

The micro finance institutions (MFIs) accesses financial resources from the banks and other mainstream financial institutions and provide financial and support services to the poor. The goal of micro finance institution should be a viable financial institution developing sustainable communities and create opportunities for self employment for the underprivileged.

MFI-BANK LINKAGE PROGRAMME

Micro finance institutions (MFIs) act as an crucial conduit for extending financial services to the microfinance sector in the country by raising resources from banks and other institutions and extending loans to individuals or member of JLGs (Joint Liability Groups).

MFIS COULD BE..

(1) NGO-MFIs – registered under the Societies Registered Act, 1860 or the Indian Trust Act, 1880;

(2) Cooperative MFIs—registered under the State Cooperative Societies Act or Mutually Aided Cooperative Societies Act or Multi State Cooperative Societies Act

(3) MFIs incorporated under Section 25 of Company act 1956/Section 8 of Companies Act, 2013

(4) NBFC-MFIs incorporated under the Companies Act, 1956/2013 and registered with RBI.

Through most of these MFIs entered the microfinance sector only after the SHG-Bank linkage programme was well entrenched, the turnover of these institutions grew at a much large norm than the former. They were more offensive and innovative in reaching out to the rural poor than the formal banking system. Of late, however, the functioning of these institutions was being subjected to closer public checking on account of reputed unethical business practices and questionable recovery practices.

NABARD'S promotional support to Micro Finance Institutions (MFIs)

NABARD has taken the following three major initiatives to support MFIs to strengthen them:

CAPITAL SUPPORT TO MFIS

As mentioned earlier, the Micro Finance Development of India in 2000-2001 with the initial corpus of Rs. 100 crore to be contributed by reserve bank of India (40 percent), NABARD (40 percent) and commercial banks (20 percent). The MFDS was re-designated as micro finance development and equity fund (MFDEF) in 2005-06 and the corps was increased to Rs. 400 crore during 2010-11.

* PH.D. STUDENT, HEMCHANDRACHARY NORTH GUJARAT UNIVERSITY, PATAN

REFINANCE SUPPORT TO NBFC-MFI

NABARD has started support to NBFC-MFI during the year through provision of refinance against their eligible loan. NBFC-MFIs having credit rating up to mfR2 by CRISIL or equivalent are eligible for our support subject to fulfilling other conditions. NBFC-MFIs in north eastern and hilly regions are provided refinance at a relaxed norms and NBFC-MFIs having credit rating up to mfR3 by CRISIL or equivalent are eligible in these regions. During 2014-15 NABARD has disbursed Rs. 330 crore of refinance support to NBFC MFIs.

RATING OF MFIS

In order to identity, classify and rate micro finance institutions and empower them to function as intermediaries between the lending banks and their clients, NABARD had introduced a scheme for providing financial assistance by way of grant to CBs, RRBs and cooperative banks to avail of the services of accredited rating agencies for rating of MFIs.

The progress under MFIs bank linkage programme during the last 4 years in India is shown in below table. *(Amount Rs. crore)*

particulars	2011-12		2012-13		2013-14		2014-15	
	No. of accounts	amount	No. of accounts	amount	No. of accounts	amount	No. of accounts	amount
Loans disbursed by banks to MFIs	465	5205.29	426	7839.51 *(50.6%)*	545	10282.49 (31.16 %)	*589*	15190.13(32.30 %)
Loans outstanding against MFLs as on 31 March	1960	11450.35	2042	14425.84 *(26%)*	2422	16517.43 (14.5%)	4662	22500.46(26.59 %)
Loan outstanding as % of fresh loans		219.98		184.01		160.64		148.13

(Source: status of micro finance in India)

The total loans to MFIs by banks and financial institutions increased by over 32.3% during the current year as against 31.2% during the previous year while the loan outstanding against MFIs also increased by 26.6% as against 14.5% last year. Gross NPA level of bank loan of MFIs has also increased by 26% as against 14.5% last year. Gross NPA level of bank loan to MFIs has also improved during the year. As on 31 March 2015, the percentage of gross NPA to outstanding was 3.04 % as against 4.58% as on 31 march 2014. While the ratio improved sharply in respect of banks from 3.57% a year ago to 2.17%, it remained unchanged in respect of SIDBI at 11.98%. The agency wise details of loans extended to MFIs are shown in table.

REFERENCE

Status of microfinance in india 2014-15 Lokhande Murlidhar A., (2014),"Micro Finance And Women Empowerment", new century publications, new Delhi

** Limbani Vivek B.

Arts (economics)
Research Zone India
Vol. 4 Issue - (3)
Apr,May,Jun- 2016 Page -34-36
ISSN 2319 - 8168

Event Based Tourism

પ્રવાસન ક્ષેત્ર આજે વિશ્વમાં સૌથી ગતિશીલ, રોજગારોન્મુખ, શ્રમ અભિમુખ, વિકાસશીલ, ધુમાડા વગરનો અને વિદેશી મુદ્રા કમાવવાનો ઉદ્યોગ છે. ''વિશ્વ પ્રવાસન સંગઠન''ના જણાવ્યા પ્રમાણે પ્રવાસન વિશ્વનો સૌથી મોટો ઉદ્યોગ બની ગયો છે. જે પેટ્રોલિયમ અને મોટરકાર ઉદ્યોગ કરતાં પણ આગળ છે. અમેરિકામાં પ્રવાસન ઉદ્યોગ કુલ ૬ મિલિયનથી પણ વધારે લોકોને રોજગારી પુરી પાડે છે. જે દેશનું સૌથી મોટું રોજગારી નિર્માણનું ક્ષેત્ર છે.

• «dkMkLkLkku yÚko :

આપણાંમાંથી ઘણાં ખરાં પ્રવાસીઓ છે. પ્રવાસ એ આપણી વ્યક્તિગત ક્રિયા છે, જેમાં માણસ નવરાશની પળોમાં કે વેપાર ધંધાર્થે અથવા અન્ય હેતુઓ માટે તે અલગ-અલગ જગ્યાએ જ્યાં તેના માટે ઉપયોગી પર્યાવરણ હોય ત્યાં જાય છે.

પ્રવાસન એ ગ્રાહકોને આનંદ, સંતોષ અને સલામતી આપતો ઉદ્યોગ છે. જેમાં ગ્રાહકની જરૂરિયાતો સતત બદલાતી રહે છે. જેમાં અનુકૂલન સાધીને ગતિશીલતા લાવી શકાય છે. તે એક સ્પર્ધાત્મક ઉદ્યોગ છે.

• «dkMkLkLke ÔPkÏPk :

(**WTO**) વિશ્વ પ્રવાસન સંગઠન મુજબ :

(૧) પ્રવાસન એ એવી પ્રક્રિયા છે જેમાં નવરાશના સમયમાં વ્યક્તિઓ આનંદ માટે, બિઝનેસ કે અન્ય હેતુઓ માટે એક સામાન્ય વર્ષમાં એક કરતાં વધુ વખત બહારના પર્યાવરણમાં એક કરતાં વધુ સ્થળોએ પ્રવાસ કરે છે.

(૨) ''સામાન્ય પ્રવાસ'' એટલે :

રહેઠાણના સ્થળની અંદર શિક્ષણ, દૈનિક પ્રવૃત્તિઓ અને દૈનિક ખરીદીઓ વગેરે માટે સામાન્ય સ્થળનો પ્રવાસ છે. જેમાં બીજા પ્રવાસ બાકાત રાખવાનાં હોય છે.

(૩) પ્રવાસ એટલે :

ઘરથી દૂરના સ્થળોએ વધુમાં વધુ ૧૬૦ કિ.મી. અને ઓછામાં ઓછું ૪૦ કિ.મી.ની આવન જાવન જે અન્ય કોઈપણ હેતુઓ માટે કરવામાં આવે છે.

• «Mktøk ykÄkrhúk «dkMkLk :

ખૂશ્બુ ગુજરાત કી વિશ્વમાંભરમાં ફેલાઈ રહી છે. તેને પગલે દેશના પ્રવાસન માર્કેટમાં ગુજરાત પોતાનું સ્થાન જમાવી રહ્યું છે. લોન્લી પ્લેનેટ ઈન્ડીયાએ થોડા સમય અગાઉ ગુજરાતને સૌથી ઝડપથી ઉભરતા પ્રવાસનું સ્થાન ગણાવ્યું છે.ગુજરાતના પ્રવાસન વિભાગે પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરવા માટે સમગ્ર વર્ષ દરમિયાન અનેક આયોજનો કરે છે. જેની વિસ્તૃત માહિતી નીચે મુજબ છે.

(૧) મોઢેરા ડાન્સ ફેસ્ટીવલ :

મહેસાણા જિલ્લાના ઐતિહાસિક ધરોહર સમાન મોઢેરાના સૂર્યમંદિરની સન્મુખ ઉજવાતો નૃત્ય મહોત્સવ ગુજરાતની સાંસ્કૃતિક પરંપરાનો એક હિસ્સો છે. જે ભારતનું ભાતીગળ લોકજીવન, લોક સંસ્કૃતિ તેમજ ગુરુ-શિષ્યની ઉમદા પરંપરાને જીવંત રાખવાની સાથે પ્રાચીન કલા વારસાને ઉજાગર કરે છે. મોઢેરા નૃત્ય મહોત્સવ ગુજરાતનો સાંસ્કૃતિક પરંપરાનો એક ભાગ છે. ગુજરાત પર્યટન મંત્રાલય દ્વારા નૃત્ય મહોત્સવ યોજીને ગુજરાતની ભાતીગળ પરંપરા, સંસ્કૃતિને જીવંત રખાય છે. ઈશુના નૂતન વર્ષ ૧૪ જાન્યુઆરીના ઉતરાયણ એવાં મકર સંક્રાંતિના લોકોત્સવ બાદ આવતા પ્રથમ શનિવારથી બે કે ત્રણ દિવસ સુધી ઉજવાતો ઉત્તરાર્ધ ઉત્સવ નૂતન વર્ષની ભેટ ગણાય છે. ભાસ્કર વંદનાનો આ મહોત્સવમાં દર વર્ષે ભારતના શાસ્ત્રીય નૃત્યના ખ્યાતનામ નર્તકોની ઉપસ્થિતિમાં ભરત નાટ્યમ, કુચીપુડી, કથકલી જેવા નૃત્યોના માહેર કલાકારો દ્વારા અત્રે ઉપસ્થિત હજારો દર્શકોનું મનોરંજન કરવામાં આવે છે. પ્રવાસીઓ પણ આ નૃત્યની મજા માણે છે.

મહેસાણા જિલ્લામાં આવેલું સૂર્યમંદિર ૧૧ મી સદીમાં પાટણના રાજા ભીમદેવ (ઈ.સ. ૧૦૨૬-૨૭) માં ભગવાન સૂર્યના માનમાં બંધાવ્યું હતું. જે ગુજરાતના પ્રાચીન સ્થાપત્ય કાળનો શ્રેષ્ઠ નમૂનો છે. સૂર્યમંદિરનું નિર્માણ એવી રીતે કરવામાં આવ્યુ છે કે ઉગતા સૂર્યના પહેલાં કિરણો મંદિરમાં પડે સાથે સાથે સૂર્યમંદિરનું ઐતિહાસિક મહત્ત્વ એ છે કે ત્યાં પ્રાચીન ભારતની સંસ્કૃતિ ૯૦૦ વર્ષથી એમની એમ ઉભી છે.

(૨) ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ :

ગુજરાત રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા વર્ષ ૧૯૮૯ થી દર વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરાય છે. આ પતંગોત્સવ દેશ-વિદેશના પ્રવાસીઓને ગુજરાતમાં આવતાં કર્યાં છે. વિદેશી પતંગ રસિયાઓ આનંદથી આ મહોત્સવમાં ભાગ લેવા ગુજરાતમાં આવે છે. આ પતંગોત્સવના કારણે ગુજરાતમાં પતંગ ઉદ્યોગમાં પણ વધારો થયો છે. પતંગોત્સવે ગુજરાતને આંતર રાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવી છે. અમદાવાદનો આ પતંગોત્સ તો જાપાન, ચીન જેવા દેશોમાં યોજાતા ટોપ ફાઈવ તહેવારોમાં સામેલ કરાયો છે. આજે ગુજરાતનો પતંગ ઉદ્યોગ રોજગારીમાં અવસર તરીકે પણ નવી ઊંચાઈ સર કરી રહ્યો છે. સમગ્ર ગુજરાતમાં કુલ ૬૦ હજાર

** Researcher : Ph.D. Student (H.N.G.U. Ph.D. Reg. No. 2229)

કરતાં પણ વધારે લોકો પતંગ ઉદ્યોગ સાથે જોડાયેલા છે. અમદાવાદમાં ૩૦,૦૦૦ કરતાં વધુ લોકો પતંગ ઉદ્યોગ સાથે જોડાયેલા છે. વર્ષ ૨૦૧૩ માં ખંભાતમાં ચુનારા, મુસ્લિમ, રાણા સમાજના ૨૫૦૦ થી વધુ ઉત્પાદકોએ પતંગોનું ઉત્પાદન કર્યું છે. આ ઉત્પાદન દ્વારા ખંભાતમાં જ ૮૦૦ વધુ લોકોને રોજી રોટી મળી છે. વર્ષ ૨૦૧૨માં પતંગ બનાવવાના ઉદ્યોગનું ટર્નઓવર ૧૭૫ કરોડ રૂપિયાથી વધારેનું હતું. જે ૨૦૧૩ માં ૪૫૦ કરોડ રૂપિયાનું કદ ધરાવે છે. સરકારે હાથ ધરેલા પતંગ ઉત્સવ અને અન્ય પગલાંને કારણે ગુજરાતના પતંગો રાજ્ય બહાર વેચાય છે.

(૩) કચ્છ રણોત્સવ

''કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા''ની કહેવત સાર્થક કરતાં રણોત્સવને માણવા દેશ-વિદેશના પ્રવાસન પ્રેમીઓ આવે છે. સાંજેના પ્રકાશમાં તંબુ, ગામડાં, સફેદ રણનું સૌંદર્ય, ચાંદની રાતમાં ઊંટની પીઠ પર બેસીને રણનો પ્રવાસ પ્રવાસીઓને અભિભૂત કરી નાંખે છે. અહીંના માટીના શિલ્પો, અને પોશાકો નોંધનીય છે. ઉપરાંત આ વિસ્તારની પોતાની અલગ સંગીત, નૃત્ય, શિલ્પ તથા કપડા દ્વારા અલગ ઓળખાણ છે. કચ્છ કાર્નિવાલમાં શ્રેષ્ઠ રંગીન નૃત્ય, સંગીત, લગ્નગીતો, લોકકળા, શિલ્પ પ્રદર્શનો વગેરેનું સુંદર આયોજન કરાય છે. કચ્છ કાર્નિવાલના કારણે સફેદ રણને આંતરરાષ્ટ્રીય ફલક પર પ્રવાસી સ્થાન તરીકે ખ્યાતિ મળી છે. ટેન્ટ સિટી ખાતે ૩૦૦ થી ૪૦૦ એસી તેમજ નોન એસી ટેન્ટનું નિર્માણ કરવામાં આવે છે. જેમાં કચ્છી અને શાકાહારી ફુટ કોર્ટની વ્યવસ્થા કરવામાં આવે છે. તેમજ રણોત્સવમાં એડવેન્ચર ટુરિઝમ અંતર્ગત હેન્ડ ગ્લાઈડર, પેરામોટરીં અને પેરાઈ સેઈલીંગ, ડેઝર્ટ બાઈકીંગ જેવા રોમાંચક અનુભવો પણ પ્રવાસીઓ કરી શકે તેવું વિશિષ્ટ પણ સરકારે કર્યું છે. કચ્છના પ્રવાસન વિકાસ માટે ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર અમિતાભ બચ્ચને કચ્છ સહિત ગુજરાતના પ્રવાસન માટે જે વિશિષ્ટ અભિયાન હાથ ધર્યું તેના પરિણામે કચ્છના પ્રવાસન પર્યટકોની સંખ્યામાં છ વર્ષમાં ૧૧૦ ટકાની વૃધ્ધિ થઈ છે. વર્ષ ૨૦૦૭-૦૮ માં ૭ લાખ ૭૧ હજાર પ્રવાસીઓ કચ્છનું સૌંદર્ય માણવા આવ્યા હતા જે ૨૦૧૨-૧૩માં ૧૬ લાખ ૧૯ હજાર પહોંચી છે.

(૪) સાપુતારા મોન્સુન ફેસ્ટિવલ :

ગુજરાતની દક્ષિણ સરહદે આવેલું સહ્યાદ્રીની ઘટાટોપ પર્વતમાળામાં આવેલું સાપનું નિવાસ સ્થાન કહેવાતું એવું સાપુતારા સુંદર કુદરતી દેશ્યાવલી ધરાવતું ડાંગ જીલ્લામાં આવેલું હિલ સ્ટેશન છે. અહીં ચોમાસાની ઋતુમાં મોન્સૂન ફેસ્ટિવલનું આયોજન વર્ષ ૨૦૧૧-૧૨થી દૂર વર્ષ થાય છે. અહીં પ્રવાસીઓને આકર્ષવા માટે રાજ્ય સરકારે વોટર સ્પોર્ટસ, લેસર શો, ફોટોગ્રાફી પ્રદર્શન, હેરિટેજ વોક, સાંસ્કૃતિક સંધ્યા, ફુડ ફેસિટવલ દોરડા ખેંચ, સંગીત, ખુરશી જેવી મનોરંજક રમતોનું તથા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે.

ગુજરાત પ્રવાસનના બ્રાન્ડ એમ્બેસેડર અમિતાભ બચ્ચને સાપુતારાનું વર્ણન ''ગુજરાતકી આંખોકા તારા'' તરીકે ખરા શબ્દોમાં કર્યું છે. સાપુતારામાં જોવાલાયક સ્થળોમાં ગિરાધોધ,, સાપુતારા તળાવ, વાંસદા રાષ્ટ્રીય પાર્ક, પૂર્ણા અભ્યારણ્ય, તળાવ, બગીચો, રોઝ ગર્ડન, સ્ટેપ ગાર્ડન, નાગેશ્વર મહાદેવ મંદિર વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રવાસીઓને ગિરિકંદશઓમાં વિહરવા માટે પેરાગ્લાઈડીંગની સુવિધા ઉભી કરાઈ છે. આ સાથે સ્થાનિકોને પણ રોજગારી ઉપલબ્ધ થઈ છે. સરકાર દ્વારા ૪૦ કરોડના ખર્ચે ડાંગ જીલ્લામાં આવેલ શબરી ધામ, પંપા સરોવર, અંજની કુંડ, અટલા ડુંગર ઉનાઈ અને રામેશ્વર જેવા પવિત્ર સ્થળોને પ્રવાસન જોડે જોડી સ્થાનિક વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. સાપુતારામાં વર્ષ ૨૦૧૧-૧૨ માં ૨,૦૪,૩૬૬ પર્યટકો આવ્યા હતા જે વધીને વર્ષ ૨૦૧૨-૧૩ માં ૪૬% વધુ એટલે કે ૨,૯૯,૧૮૫ થયા હતા. સાપુતારામાં ૨૭ હોટલો અને ગેસ્ટ હાઉસ છે. જેનો મળીને ૬૩૫ રૂમ છે.

(૬) વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ :

વિશ્વના સૌથી લાંબા નૃત્ય ઉત્સવ અને મા ભગવતીની આરાધનાના પર્વ નવરાત્રી નિમિત્તે ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા અમદાવાદ, ગાંધીનગર અને વડોદરામાં ભવ્ય ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. જેમાં ૧૭ દેશોના રાજદૂતો, રાજદારીઓ અને રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહે છે. આ પ્રસંગે ૨૦૦થી ૨૫૦ જેટલા કલાકારોનું વૃંદ, ચંદીપાઠ અને શક્તિપાઠની થીમ પર નૃત્ય અને સંગીતના તાલે ગરબા ઘૂમે છે. મુખ્ય સ્ટેજ પર પ્રખ્યાત કલાકારો અને તેમનું ઓરકેસ્ટ્રા ખેલૈયાઓની સાથે મળીને ગરબાની ધૂમ મચાવે છે.

ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા આયોજીત વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ગુજરાતી સંસ્કૃતિની ઝાંખી રજૂ કરવામાં આવે છે. સાથે-સાથે ખેલૈયાઓ પરંપરાગત ડ્રેસમાં સજ્જ થાય છે. જેમાં પુરુષો કેડીયું, ચોઈણી કે ધોતી માથા પર પાઘડી, પગમાં મોજડી અને હાથમાં ભરત ગૂંથણ વાળી છત્રી અને દાંડીયા સાથે ગરબા રમે છે અને સ્ત્રીઓ ચણીયાચોળીમાં આભલાં મઢેલી ચૂંદડીને ચોળીમાં ગરબે ઘૂમતા જોવો એક લ્હાવો છે.

(૬) તાનારીરી મહોત્સવ :

પ્રાચીન વડનગરની સાંસ્કૃતિક વિરાસત બેમિસાલ હતી. તાનસેનને દીપક રાગ ગાવાથી થયેલ દાહ મલ્હાર રાગ ગાઈને મટાડનાર તાના અને રીરી આ બંને સંગીતજ્ઞા બહેનો વડનગરની હતી. એમની સ્મૃતિમાં આ તાના-રીરીના નામથી શાસ્ત્રીય સંગીતનો આ મહોત્સવ ઉજવવામાં આવે છે. ગુજરાત સરકાર અને જીલ્લા વહીવટી તંત્રના ઉપક્રમે વડનગરમાં ''તાનારીરી મહોત્સવ'' ઉજવવામાં આવે છે. ૨૦૦૩ થી સરકારે રાષ્ટ્રીય કક્ષાનો મહોત્સવ ઉજવે છે. જેમાં પ્રસિધ્ધ કલાકારો અને ઘરાના પરંપરાના કલાકારો દ્વારા આ મહોત્સવ દરમિયાન રાગ મેઘ મલ્હાર, રાગ દીપક અને મલ્હાર જેવા વિવિધ રાગ છેડવામાં આવે છે. વાંસળી વાદક પોતાની બાંસુરી પર રાગ હંસધ્વનિ તેમજ રાજા જન સંમોહિની પ્રસ્તુત કરે છે. આ કાર્યક્રમો વડનગરના નાના રીરી સ્મૃતિ સ્થાન ખાતે નૈસર્ગિક વાતાવરણમાં ભાંગતી રાતે યોજાય છે. આખુંય વડનગર આ મહોત્સવ દરમિયાન નવોઢાની માફક શણગારીને સુશોભિત કરાય છે. આ સમારોહને ફક્ત ગુજરાત પુરતો સિમીત ન રહે તે માટે નામાંકીત કલાકારો જેવાં કે ભારત રત્ન લતા મંગેશકર ૨૦૧૧ માં, પદ્મ વિભુષણ કુખરી ગાયક ગીરીજાદેવી ને ૨૦૧૧માં, શાસ્ત્રીય ગાયિકા પદ્મ વિભુષણ પરવીન સુલતાન ૨૦૧૩માં તાનારીરી એવોર્ડથી નવાજીત કર્યા હતા. આ ભવ્ય કાર્યક્રમને ૨૦૦૦૦ થી વધુ લોકો માણે છે.

(૭) તરણેતરનો મેળો :

સૌરાષ્ટ્રનું એક નજરાણું એટલે તરણેતરનો મેળો. આ મેળો ગુજરાતનો અત્યંત જાણીતો લોક સાંસ્કૃતિકનો મેળો છે. સુરેન્દ્રનગર જીલ્લાના પાંચાળ પ્રદેશ તરીકે જાણીતા થાનગઢ નજીક આવેલ તરણેતર નામથી ઓળખાતા ત્રિનેત્રેશ્વરના શિવમંદિરના સાનિધ્યમાં તે યોજાય છે.

મહાભારત સાથે જોડાયેલી લોકવાયિકા મુજબ દ્રૌપદીના સ્વયંવર માટે અર્જુને પોતાના બાણ વડે મત્સ્યવેધ કર્યો તેના માટે આ સ્થળ જાણીતું છે. આ દિવસોમાં ગુજરાતભરમાંથી લોકો ભાતીગળ પરંપરાગત પોશાકો અને સુંદર ઘરેણાં પહેરીને આ મેળામાં મહાલવા માટે ઉમટી પડે છે. તરણેતરના મેળાની આગવી ઓળખ એટલે આભલે મઢેલી છત્રી અહીંના માલધારીઓ પશુઓને ચારતાં ચારતાં એક વર્ષ સુધી છત્રીની સજાવટ કરે છે. અને પછી આ છત્રી સાથે પાંચાળનો બળુકો માલધારી માળામાં છત્રીથી રમે છે. લોકપ્રિય રાસ અહીંનું અનોખું આકર્ષણ છે. એક વિશાળ ગોળ કુંડાળામાં સેંકડો યુવક યુવતીઓને પરંપરાગત પોશાકો સાથે મસ્ત બનીને પરંપરાગત ઢબે રાસ લેતા કે ગરબે ઘૂમતા જોવા એ એક લ્હાવો છે. હસ્તકળા, ગૂંથણકળા, પોશાકોમાં ગ્રામીણ યૌવન આ મેળામાં હિલોળે ચડે છે. ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા મેળામાં વિશેષ આયોજનો પણ કરાય છે. રાજ્ય સરકારના પ્રયાસોથી અહીં શરૂ થયેલી ગ્રામીણ ઓલિમ્પીક તેમજ ગાડા-દોડ જેવી સ્પર્ધાઓ આ મેળાનું વિશેષ આકર્ષણ બનેલી છે. અહીં આવતા પ્રવાસીઓ માટે ગુજરાત પ્રવાસ પ્રવાસન નિગમ દ્વારા રહેવાથી માંડીને અન્ય જરૂરી તમામ સુવિધાઓ આપવામાં આવે છે.

Mk[kÄkLk :

ગુજરાત પ્રવાસનની દૃષ્ટિએ દેશભરમા ઉભરતું રાજ્ય બની રહ્યું છે. ખાસ કરીને છેલ્લા દસ વર્ષમાં પ્રવાસન ઉદ્યોગના વિકાસમાં ધરખમ ફેરફારો થયેલા જોવા મળે છે. વિદેશી પ્રવાસીઓને ગુજરાત તરફ આકર્ષવા માટે સરકારે જે પગલાં લીધાં છે તેના દ્વારા ગુજરાતના પ્રવાસનના વિકાસમાં વધારો થયો છે.

MktË/o :-

- યોજના મેગેઝીન : મે - ૨૦૧૫

Reports :

- Tourism Annual Plan 2014-15

- Directorate of Tourism Govt. of Gujarat, Gandhinagar

Website

www.gujarattorism.com

www.vibrantgujarat.com

* પ્રતિક્ષાબેન જે. પટેલ

Arts (economics)
Research Zone India
Vol. 4 Issue - (3)
Apr,May,Jun- 2016 Page -37-39
ISSN 2319 - 8168

ભારતીય કૃષિક્ષેત્રમાં મહિલાઓની ભુમિકા (સામાજિક–આર્થિક સ્થિતિ)

